ગાંધીનગર સમાચાર

આચારસંહિતાના અમલને લઈ વિકાસના કામો લગભગ ઠપ્પ જેવા

# શહેરમાં સતત ત્રીજે દિવસે ઠંડી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં આજે સતત ત્રીજા દિવસે આકરી ઠંડીનો અનુભવ વસાહતીઓએ કર્યો હતો. હાડ થીજવતી ઠંડીની અસર જનજીવન પર જોવા મળી હતી. સાંજ ઢળતા જ માર્ગો પર અવરજવર ઓછી થઈ ગઈ હતી. આજે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી જેટલું નોંધાયું હતું.



(તસવીર : દિપક જાની)

જમ્મુ-કાશ્મીરમાં થયેલી ભારે હિમવર્ષા બાદ સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. ગુજરાત-સૌરાષ્ટ્રના મોટાભાગના

## જનજીવન પર જોવા મળતી ઠંડીની અસર : વસાહતીઓ ટાઢમાં ઠુંઠવાયા : ઠંડા પવનોથી વધતી પરેશાની

શહેરોમાં લઘુત્તમ તાપમાન ૭ થી ૧૨ ડિગ્રી જેટલુ રહ્યું છે. વૃક્ષોની વધુ સંખ્યા ધરાવતા ગાંધીનગર શહેરમાં વિક્રમજનક ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડા પવનોના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની છે. છેલ્લા ત્રણ દિવસથી કોલ્ડવેવની અસર રહેતા હાડ થીજવતી ઠંડીના કારણે બારી-બારણા પણ ખોલી શકાતા નથી. સવારે છેક દસ વાગ્યા પછી ઘરની બહાર નીકળી શકાય છે.

આખો દિવસ ઠંડા પવનો ચાલુ રહેતા દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. શાળાએ જતાં બાળકો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે પડ્યા હતા. વૃદ્ધોની હાલત ઠંડીમાં વધુ કફોડી બની હતી.

ઝુંપડામાં રહેતા શ્રમજીવીઓએ તાપણા સળગાવી ઠંડીને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. હિમવર્ષા બંધ થશે પછી જ ઠંડીમાં રાહત મળવાની સંભાવના છે. આજે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૬.૮ ડિ.સે. નોંધાયું હતું.

# ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ અટકળોનું બજાર તેજ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓ સમયસર થશે કે વહેલી થશે તેને લઈ રાજકીય પક્ષોના આગેવાનોમાં ચર્ચાઓ અને અટકળોનો દોર શરૂ થયો છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની મુદત એપ્રિલમાં પૂર્ણ થવાની છે પરંતુ ફેબ્રુઆરી મહિનામાં રાજ્યની ૨૭ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીનો બીજો તબક્કો છે. આ નગરપાલિકાઓની સાથે જ મહાનગરપાલિકાની ચૂંટણી યોજવામાં આવે તેવી શક્યતાઓના નિર્દેશ રાજકીય વર્તુળોમાંથી સાંપડી રહ્યા છે.

જો કે બીજી તરફ રાજકીય વર્તુળઓમાંથી એવી પણ ચર્ચા ચાલે છે કે જે નગરપાલિકાઓની ચૂંટણી યોજાવાની છે તેના નવા સીમાંકનની દરખાસ્તોને તંત્ર દ્વારા આખરી ઓપ આપવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. આ પછી જાન્યુઆરી માસમાં તે અંગેનું પ્રાથમિક જાહેરનામુ ચૂંટણીપંચ દ્વારા પ્રસિદ્ધ કરાશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી અંગેની હજુ પ્રાથમિક કવાયત પણ વિભાગ કે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી નથી. ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં વેકેશનનો માહોલ હોવાથી ચૂંટણીઓ માટેની તૈયારીઓ

## ચૂંટણી સમયસર કે વહેલી યોજાશે તેની જોરશોરથી ચાલતી ચર્ચાઓ

ચાલતી હોય તેવુ લાગતુ નથી.

જો કે રાજકીય વર્તુળોમાં ચૂંટણીઓ વહેલી યોજવા માટે સરકારે કારણ આપવુ પડે તેને લઈ પણ ચર્ચાઓ થતી સાંભળવા મળી રહી છે. બીજી તરફ શહેરમાં હાલ જે ૧૧ વોર્ડ છે તેમાં કેટલો ઘટાડો થશે તેને લઈ પણ અટકળોનો દોર ચાલી રહ્યો છે.

● અનુસંધાન પાન-૫ પર

# આચારસંહિતાના અમલને લઈ વિકાસના કામો લગભગ ઠપ્પ જેવા

ગાંધીનગર, તા. ૧૪

જિલ્લામાં ચૂંટણીની આચારસંહિતા અને નવા હોદ્દેદારોની નિયુક્તી થઈ ન હોવાથી વિકાસના

## બજેટની જોગવાઈઓનો ૬૦ થી ૭૦ ટકા સુધી જ ખર્ચ થયો છે : નવા પદાધિકારીઓને વિકાસ કામોને ગતિ આપવા અગ્રતા આપવી પડશે

કામો લગભગ બંધ હાલતમાં પડ્યા છે તો જિલ્લાના બજેટમાંથી ૬૦ ટકાથી ૭૦ ટકા જેટલો જ ખર્ચ અત્યાર સુધીમાં થઈ શક્યો છે.

ઓકટોબરના અંતિમ સપ્તાહથી લાગુ થયેલ ચૂંટણીની આચાર સંહિતાને પગલે વિકાસના કામોની મંજૂરી અને વિકાસના કામો લગભગ બંધ થઈ ગયા છે. બે માસ જેટલો સમય થઈ ગયો છે. બીજી તરફ ચોમાસાને કારણે પણ વિકાસના કામો ધીમી ગતિએ ચાલ્યા હતા. આમ જિલ્લામાં વિકાસના કામો અટવાઈ પડતાં લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે.

બીજી તરફ જિલ્લા પંચાયતના બજેટમાંથી પણ યોજનાકીય કામોના લક્ષ્યાંકોની સિદ્ધિમાં ઉણપ રહેવા પામી છે. સરકારી કાર્યક્રમોની વ્યસ્તતાને પગલે તંત્ર દ્વારા બજેટેડ કામગીરી એકાદ-બે વિભાગોને બાદ કરતાં લગભગ તમામ વિભાગોમાં ઓછી થવા પામી છે.

જિલ્લામાં બજેટના નાણાં ૬૦થી ૭૦ ટકા જેટલો જ ખર્ચ અત્યાર સુધીમાં થઈ ચુક્યો છે. વિકાસના કામો પર પણ વિપરીત અસરો પડી રહી છે.

જિલ્લામાં ૧૩મા નાણાંપંચની ગ્રાન્ટના કામો, રેતી કાંકરીની ગ્રાન્ટના કામો તેમજ વિસ્તાર વિકાસ કાર્યક્રમ અંતર્ગત જે વિકાસના કામો છે તે અટવાઈ પડ્યા છે. આમ જિલ્લાતંત્રનો પ્રજા સાથેનો રોજબરોજનો નાતો લગભગ અટવાઈ જવા પામ્યો છે.

જિલ્લામાં નવા સૂત્રધારોની વરણી ૨૨મીએ થવાની છે અને પછી તુરત જ ચાર દિવસની રજાઓ આવે

● અનુસંધાન પાન-૫ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

શિયાળાનું બજાર - ઠંડી જામતાની સાથે જ બજારોની સાથો સાથ ફૂટપાથ બજારમાં પણ અંજીર, અખરોટ, કાજુ, બદામ જેવા સુકોમેવો વેચાવા લાગ્યો છે... મોટામોટા મોલની સ્પર્ધામાં પણ હજુ ફુટપાથ બજાર અડીખમ અને અકબંધ છે... ગાંધીનગરના માર્ગો પર શિયાળાની ઠંડીની સાથે ગોઠવાયેલું સુકામેવા બજાર આજે પણ ધમધમે છે....

# શહેરના સેન્ટ્રલ વર્જમાં બિન્દાસ્ત રીતે ખાનગી જાહેરાતના બોર્ડસ લગાવી દેવાય છે

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટરોમાં સેકટરોનો નકશો તેમજ જાહેર સુચના દર્શાવતા બોર્ડસ કટાયેલી અને કંગાળ હાલતમાં છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં પણ વિવિધ પ્રકારના બોર્ડસની કતાર જોવા મળે છે. તંત્રની નિષ્ક્રીયતાના લીધે સેન્ટ્રલ વર્જનો ઉપયોગ હવે કોમર્શિયલ જાહેરાત માટે થાય છે. ઘ-૪ પાસે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ એકેડમીની જાહેરાત દર્શાવતું બોર્ડ બિન્દાસ્તપણે લગાવી દેવાયું છે.

સમગ્ર શહેરમાં સેકટરોના આંતરિક વિસ્તારો તેમજ મુખ્યમાર્ગો પર જુદા જુદા પ્રકારના બોર્ડસનો ખડકલો જોવા મળે છે. સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર દીશાસૂચક બોર્ડસ મુકવા માટે તંત્ર દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. સર્કલો તેમજ માર્ગોના નવા નામાભિધાન મુજબ નવા બોર્ડસ મુકવામાં આવ્યા છે. આવા સંજોગોમાં સેકટરોમાં મુકવામાં આવેલા દાયકાઓ જુના બોર્ડસ કટાયેલી અને બિનઉપયોગી હાલતમાં જોવા મળી રહ્યા છે. અનેક રજૂઆતોના અંતે બોર્ડસ દૂર કરવામાં આવ્યા નથી. મુખ્યમાર્ગો આસપાસ અને સેન્ટ્રલ વર્જમાં બોર્ડસનો ખડકલો

## સ્ટ્રીટલાઈટના પોલ્સ, સર્કલો અને સેન્ટ્રલ વર્જનો વિસ્તાર કોમર્શિયલ જાહેરાતનું માધ્યમ બન્યો

થયો છે. બીજી તરફ નગરના મુખ્ય માર્ગો પર કોમર્શિયલ જાહેરાત દર્શાવતા બોર્ડસ પણ બિન્દાસ્તપણે લગાવી દેવાયા છે. સેન્ટ્રલ વર્જ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના પોલ્સ સહીતના ઠેકાણે ખાનગી જાહેરાતોના પેમ્ફલેટ પણ ચિપકાવી દેવામાં આવે છે. એક બાજુ કોમર્શિયલ જાહેરખબર માટે તંત્ર દ્વારા એક પણ કીસ્સામાં મંજુરી આપવામાં ન આવી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે

● અનુસંધાન પાન-૫ પર

# જિલ્લામાં ૨૮મીથી ત્રિદિવસીય પ્રિ-ગુણોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી ૨૮ થી ૩૦ ડિસેમ્બર દરમ્યાન જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રિ.ગુણોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લામાં ગુણોત્સવનું પરિણામ સારૂ આવે અને શિક્ષણ વધુ ગુણવત્તાસભર બને તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ તંત્ર દ્વારા ૨૮ થી ૩૦ ડિસમ્બર દરમ્યાન પ્રિ. ગુણોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રિ. ગુણોત્સવમાં મૂલ્યાંકન માટે જિલ્લાતંત્ર દ્વારા ૭૦ થી વધુ ટીમોનું ગઢન કરવામાં આવનાર છે. જેમાં શિક્ષણના અધિકારીઓને જોતરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ પ્રિ. ગુણોત્સવ દરમ્યાન જે કંઈ ત્રુટીઓ ધ્યાને આવશે તેને એક સપ્તાહમાં દૂર કરી દેવાશે. રાજ્ય કક્ષાનો ગુણોત્સવ ૭ થી ૯ જાન્યુઆરી દરમ્યાન યોજાવાનો છે જે ઉલ્લેખનીય છે.

શિક્ષણતંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુણોત્સવના જુદા જુદા માપદંડોને લઈ હાલ શાળાના આચાર્યો, બી.આર.સી., સી.આર.સી.ની બેઠકોનો દોર ચાલી રહ્યો છે અને તે આગામી એક-બે દિવસમાં સંપન્ન થશે.

આ પછી જિલ્લાતંત્ર દ્વારા પ્રિ-ગુણોત્સવની તૈયારી કરાશે. આ માટે ડાયટના અધિકારીઓ, જિલ્લાના શિક્ષણના અધિકારીઓ તેમજ શિક્ષક સંઘ અને એવોર્ડ વિજેતા શિક્ષકોની ટીમો બનાવી ગુણોત્સવના માપદંડોને નજરમાં રાખી મૂલ્યાંકન કરવામાં આવશે. બાળકોની વાંચન-લેખન ગણનની પણ કસોટી લેવાશે.

જિલ્લામાં છેલ્લા ગુણોત્સવ દરમ્યાન ૧૪૭ જેટલી પ્રા. શાળાઓ

● અનુસંધાન પાન-૫ પર




**બેસણું**

અમારા પરમ પૂજ્ય માતુશ્રી ગં.સ્વ. ભગવતીબેન ચીમનલાલ દવે તારીખ ૭/૧૨/૨૦૧૫ને સોમવારના રોજ વૈકુંઠવાસ થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૧૬/૧૨/૨૦૧૫ને બુધવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :
પ્લોટ નં. ૧૬૪/૧,
સેક્ટર-૨૫
સૂર્યનારાયણ સોસાયટી
ગાંધીનગર

લિ.
ભૂપેન્દ્રકુમાર ચીમનલાલ દવે
રમેશચંદ્ર ચીમનલાલ દવે
અરવિંદકુમાર ચીમનલાલ દવે
મુકેશકુમાર ચીમનલાલ દવે
ઉમેશકુમાર ચીમનલાલ દવે
ભાવિકકુમાર ગોવિંદલાલ દવે
સંજયકુમાર ગોવિંદલાલ દવે
ભીખાલાલ ઉમિયાશંકર રાવલ (જમાઈ)
જનકકુમાર વિષ્ણુપ્રસાદ શુક્લ (જમાઈ)






શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.





માન. શ્રી શંકરભાઈ ચૌધરી
ડીરેક્ટરશ્રી,
રાધનપુર, બનાસડેરી, (પાલનપુર)

શ્રી શંકરભાઈ ચૌધરીની 'આપણી પેનલ'ને શ્રી પી. જે. ચૌધરીનું ખુલ્લુ સમર્થન



માન. શ્રી પી. જે. ચૌધરી
ડીરેક્ટરશ્રી,
દાંતીવાડા, બનાસડેરી, (પાલનપુર)

પી. જે. ચૌધરી
ડીરેક્ટર, ૫-દાંતીવાડા મત વિસ્તાર
બનાસડેરી
તા. ૧૩-૧૨-૨૦૧૫

આદરણીય ડો. દેવજીભાઈ પટેલ
સંયોજકશ્રી, આપણી પેનલ
બનાસડેરી

વિષય : શ્રી શંકરભાઈ ચૌધરીની 'આપણી પેનલ' દ્વારા બનાસડેરીના પારદર્શી અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટની ખાત્રી આપ્યા બાબત.

સંદર્ભ : આપશ્રીના તા. ૧૨-૧૨-૨૦૧૫ના પત્ર અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે સવિનય જણાવવાનું કે, બનાસડેરીના લોકાભિમુખ, પ્રજાલક્ષી અને પારદર્શક વહીવટ અંગે મળેલ રજૂઆતો અન્વયે સુસંગત કાર્યવાહી સુનિશ્ચિત કરવા અંગે અમોએ તત્કાલિન ચેરમેનશ્રીને તા. ૫-૧૨-૨૦૧૫ના રોજ વિનંતીપત્ર મોકલેલ છે. જે અંગે અત્યાર સુધી કોઈ હકારાત્મક પ્રતિભાવ મળેલ નથી. પરંતુ શ્રી શંકરભાઈ ચૌધરીની 'આપણી પેનલ' તરફથી સંદર્ભમાં જણાવેલ તા. ૧૨-૧૨-૨૦૧૫નો આપશ્રીએ મને લખેલ પત્ર મળેલ છે.


આપશ્રીના પત્રમાં પશુપાલકો અને દૂધ ઉત્પાદકોના હિત અને હક્કોના રક્ષણ માટે બનાસડેરીનો વહીવટ પારદર્શી અને ભ્રષ્ટાચાર મુક્ત આપવાની ખાત્રી આપેલ છે. સાથોસાથ અમારા તુલાકાના પશુપાલકોએ જણાવેલ ૧૧ સુચનો / રજૂઆતો અન્વયે પણ ડેરીના વહીવટમાં સુસંગત નિવારાત્મક અને સુધારાત્મક કાર્યવાહી સુનિશ્ચિત કરવા અંગે મક્કમતા હોવાની ખાત્રી પણ આપવાની જે પહેલ કરેલ છે તે બાબતો જિલ્લાના સમગ્ર પશુપાલકો અને દૂધ ઉત્પાદકોના હિતમાં સ્વીકારવા લાયક છે. આવા પ્રકારના સ્વચ્છ વહીવટને હું આવકારું છું અને પ્રજાજનોએ અમારા સમક્ષ કરેલ રજૂઆતો અને લાગણીઓને અનુકૂળ બનાસડેરીને સ્વચ્છ અને લોકાભિમુખ વહીવટ આપનાર તમામ આગેવાનો અને નિયામક મંડળના સભ્યોને હું સાથ સહકાર આપવા તત્પર રહીશ.

આપનો વિશ્વાસુ

(પી. જે. ચૌધરી)

નોંધ : કેટલાક અખબારોમાં મારા ફોટા સાથે તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ જાહેરાત પ્રસિદ્ધ કરાયેલ છે તેમાં મારી સંમતિ લેવાયેલ નથી. જેથી તેવી જાહેરાતો વ્યર્થ છે.





માન. શ્રી શંકરભાઈ ચૌધરી
ડીરેક્ટરશ્રી,
રાધનપુર, બનાસડેરી, (પાલનપુર)

જાહેર આભાર






માન. શ્રી પી. જે. ચૌધરી
ડીરેક્ટરશ્રી,
દાંતીવાડા, બનાસડેરી, (પાલનપુર)

આપે પશુપાલકો અને બનાસડેરીના હિતોને ધ્યાને લઈ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબની 'આપણી પેનલ'ને ખુલ્લો પત્ર લખી જાહેર સમર્થન કરવા બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન.

લિ.
આપનો વિશ્વાસુ
સંયોજક - આપણી પેનલ
ડો. દેવજી પટેલ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com